# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 14-07-2026 Day: Tuesday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## ચાંદીપુરા વાયરસ:કચ્છનું આરોગ્ય તંત્ર સર્તક:

**રાજ્યમાં ચાંદીપુરા વાયરસના નોંધાયેલા કેસોને ધ્યાનમાં રાખીને કચ્છ જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા સમગ્ર જિલ્લામાં સઘન સર્વેલન્સ અને જનજાગૃતિના પગલાં હાથ ધરવામાં આવ્યાછે. રાજ્ય સરકારની માર્ગદર્શિકા મુજબ જિલ્લાની તમામ સરકારી આરોગ્ય સંસ્થાઓને સતર્ક રહેવા તથા શંકાસ્પદ દર્દીઓની વહેલી ઓળખ, તાત્કાલિક સારવાર અને રિફરલ સુનિશ્ચિત કરવા કડક સૂચના આપવામાં આવી છે. આ અંતર્ગત આશા, એએનએમ અને મલ્ટી પર્પઝ હેલ્થ વર્કરો દ્વારા ગામડાંઓમાં ઘરે-ઘરે જઈને સર્વેલન્સ અને જનજાગૃતિની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે.**

**મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું હતું કે, ચાંદીપુરા વાયરસ મુખ્યત્વે ૧૪ વર્ષથી ઓછી ઉંમરના બાળકોમાં ગંભીર અસર કરી શકે છે. આથી વાલીઓએ બાળકોને આખું શરીર ઢંકાય તેવા કપડાં પહેરાવવા, મચ્છરદાનીનો ઉપયોગ કરવો અને ઘરની આસપાસ સ્વચ્છતા જાળવીને રેતી માખી તથા અન્ય જીવાતોથી બચાવવા ખાસ ધ્યાન રાખવું જરૂરીછે. આરોગ્યતંત્ર દ્વારા તમામ પ્રાથમિક અને સામુદાયિક આરોગ્ય કેન્દ્રોમાં તાવ અને એક્યુટએન્સેફાલીટીસ સિન્ડ્રોમ જેવા લક્ષણો ધરાવતા દર્દીઓ પર વિશેષ નજર રાખવામાં આવી રહી છે.**

**જો કોઈ બાળકને અચાનક તાવ, ઉલ્ટી, ખેંચ, બેભાન થવું અથવા અસામાન્ય વર્તન જેવા લક્ષણો જણાય તો વિલંબ કર્યા વગર નજીકની સરકારી હોસ્પિટલનો સંપર્ક કરવા જણાવાયું છે. કચ્છ જિલ્લા આરોગ્ય વિભાગે નાગરિકોને અફવાઓથી દૂર રહી માત્ર સત્તાવાર માહિતી પર વિશ્વાસ રાખવા અને સાવચેતીના પગલાંનું ચુસ્ત પાલન કરવા અપીલ કરી છે.**

---

## ગાંધીધામ રોગચાળા સંબંધિત બેઠક:

ગાંધીધા મશહેરમાં ચોમાસાની સિઝન દરમિયાન પાણીજન્ય રોગચાળો ફેલાતો અટકાવવા માટે મ્યુનિસિપલ કમિશનર બી.ડી. દવેરાના અધ્યક્ષપદે એક ઉચ્ચસ્તરીય બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં નાયબ મ્યુનિસિપલ કમિશનર સંજય રામાનુજ અને આરોગ્ય અધિકારી ડૉ. દિનેશ સુતરિયા સહિતના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ગાંધીધામ નગર પાલિકા વિસ્તારમાં ઝાડા, ઊલટી, કમળો અને ટાઈફોઈડ જેવારોગોના અટકાવ માટે પીવાના પાણીનું નિયમિત ક્લોરીનેશન ટેસ્ટ કરવા અને જરૂર જણાયે સુપર ક્લોરીનેશન કરવા કમિશનરે કડક સૂચના આપી હતી. આ ઉપરાંત, શહેરમાં પાણીના લીકેજ તાકીદે દૂર કરવા, વાલ્વ આસપાસ સાફ સફાઈ રાખવા તેમજ બરફના કારખાના, હોટેલો અને ખાદ્ય પદાર્થોની લારીઓ પર ગુણવત્તા તથા સ્વચ્છતાની નિયમિત ચકાસણી કરવા આદેશ અપાયાહતા.

---

## હવામાન:

જેઠમહિનો પણ પૂર્ણતાના આરે હોવા છતાં કચ્છમાં હજુ સુધી સાર્વત્રિક વરસાદ પડ્યો નથી. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આગામી સપ્તાહ દરમિયાન પણ જિલ્લામાં ભારે વરસાદ પડવાની શક્યતા ખૂબ ઓછી છે. જિલ્લામાં છેલ્લા ચાર દિવસથી ૨૦ થી ૨૫ કિલો મીટરની ઝડપે તેજ પવન ફૂંકાઈ રહ્યો હતો, જેમાં આજે ઘટાડો નોંધાયો છે. પવન ધીમો પડવા છતાં જિલ્લામાં ભેજયુક્ત ઉકળાટ અને ધૂંધળો માહોલ યથાવત રહ્યો છે.

હવામાન શાસ્ત્રીઓના મતે, જુલાઈના અંતિમ સપ્તાહમાં એક નવી વરસાદી સિસ્ટમ સક્રિય થવાની સંભાવના છે, જેનાથી કચ્છમાં વરસાદનો એક સારો રાઉન્ડ આવી શકે છે. બીજી તરફ,વરસાદના દિવસો વધુ ખેંચાવાને કારણે જિલ્લામાં પાણી અને ઘાસચારાની સ્થિતિ વધુ વિકટ બની રહી છે.

---

## હમીસરને શણગારવામાં આવ્યો :

ભુજમાં આગામી 16 જુલાઇએ કચ્છી નવા વર્ષ અષાઢી બીજ નિમિત્તે યોજાના રાસાંસદ કચ્છ કાર્નિવલની તૈયારીઓ અંતિમ તબક્કામાં પહોંચી છે. કાર્નિવલને આવકારવા શહેરમાં ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે. કાર્નિવલની ઉજવણીના ભાગરૂપે હમીરસર તળાવના કિનારાને આકર્ષક લાઇટીંગથી શણગારવામાં આવ્યો છે. સાંજ પડતા જ રંગબેરંગી રોશનીથી હમીરસર કિનારો ઝળહળીઉઠે છે જેના જોવા માટે સાંજ પડતા જ મોટી સંખ્યામાં લોકો ઉમટી રહ્યા છે.

---

## ભુજમાં અકસ્માત:

ભુજના RTO સર્કલ નજીક આર્મી ગેટ પાસે એક બેફામ દોડતા ભારે ટ્રેલરે એક સાથે પાંચ થી વધુ વાહનોને હડફેટે લેતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં એક બ્રેઝાકાર, ત્રણ એક્ટિવા અને એકબાઇક સહિતના વાહનોને ભારે નુકસાન પહોંચ્યું છે.

અકસ્માતમાં ચારથી પાંચ લોકોને ઈજાઓ થતાં સારવાર અર્થે તાત્કાલિક ભુજની સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.. પોલીસે ટ્રેલર ચાલકને ઝડપી પાડી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

---

## અંજારમાં કંપનીમાં આગ:

અંજાર નજીક જીઆઈડીસીમાં આવેલી એક પ્લાયવુડ બનાવતી કંપનીમાં ગઇકાલે સાંજે ભીષણ આગ ફાટી નીકળી હતી. આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરતાં અંજાર, ભચાઉ અને કંડલા ટીમ્બર સહિતની કુલ પાંચ ફાયર ટીમો ઘટના સ્થળે દોડી ગઈ હતી. ફાયર ફાઇટર પ્રવીણ દાફડાના જણાવ્યા મુજબ, ૧૦ કલાક સુધી પાણી અને ફોમનો મારો ચલાવ્યા બાદ વહેલી સવારે ચાર વાગ્યે આગ પર સંપૂર્ણ કાબૂ મેળવાયો હતો. આગ લાગવાનું કારણ હજી અકબંધ છે, પરંતુ કંપનીમાં રાખેલો લાકડાઅને પ્લાયનો જથ્થો બળીને ખાખ થઈગયો છે.

---